ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ,

પો. ઓ. ફર્ટિલાઇઝરનગર - ૩૯૧૭૫૦ જી. વડોદરા

# માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫

## પ્રોએકટીવ ડીસ્ક્લોઝર (પી.એ.ડી.) વર્ષ ૨૦૨૪-૨૫ તા. ૦૧.૦૫.૨૦૨૪ ની સ્થિતિએ

જાહેર માહિતી અધિકારી અને
એડીશનલ મેનેજર (એ.એસ.)
જીજીઆરસી મુખ્ય કચેરી,
ફર્ટિલાઇઝરનગર, વડોદરા
પિનકોડ નંબર – ૩૯૧ ૭૫૦

## જીજીઆરસી ની સ્થાપના

વર્ષ ૨૦૦૫ માં વાઇબ્રન્ટ ગુજરાત ઉજવણી દરમિયાન, ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકાર અને ભારત સરકાર માન્ય સુક્ષ્મ સિંચાઇ યોજના અંતર્ગત સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિઓની કામગીરી માટે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (જીએસએફસી) વડોદરા, ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઇઝર કંપની લિમિટેડ (જીએનએફસી), (ભરૂચ) અને ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ (જીએઆઇસી), ગાંધીનગર દ્વારા સંયુક્ત સાહસ તરીકે (જે અગાઉ) ગુજરાત એગ્રો પ્રોસેસીંગ કંપની લિમિટેડ (GAPC) તરીકે સ્થપાયેલ જેનું નામ ફેર કરી ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિમિટેડ (GGRCL) અમલીકરણ એજન્સી તરીકે રચના કરવામાં આવી હતી.

## કંપનીનો દ્રષ્ટિકોણ:-

ગુજરાત સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)પાર્ટ-૫/ન તા. ૦૯.૦૫.૨૦૦૫ ના ઠરાવ અન્વયે રાજયમાં સુક્ષ્મ સિંચાઇ યોજના અંતર્ગત ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિ (ટપક/ફુવારા/રેઇનગન્સ/પોરસ પાઇપ) યોજનાના સરળ, સુચારૂ અને એકસમાન ધોરણે અમલીકરણ માટે સરકારશ્રી દ્વારા ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ, ફર્ટિલાઇઝરનગર ટાઉનશીપ, પો. ઓ. ફર્ટિલાઇઝરનગર–૩૯૧૭૫૦ જી. વડોદરાની નોડલ (અમલીકરણ) એજન્સી તરીકે સ્થાપના કરેલ છે. અને નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરને નોડલ વિભાગ તરીકે નિયત કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના મુખ્ય માહિતી સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરના તા. ૧૦.૦૮.૨૦૦૭ ના નિર્ણય/હુકમ મુજબ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ, વડોદરાની રચના સરકારશ્રી દ્વારા થયેલ હોઈ, તેનો માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ- ૨ (ઝ) (ઘ) [Clause-2(h)(d)] મુજબ “જાહેર સત્તામંડળ” તરીકે સમાવેશ થયેલ છે.

## ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ, ની મુખ્ય પ્રવૃતિઓ/કાર્યો:-

ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ, દ્વારા સુક્ષ્મ સિંચાઇ યોજના અંતર્ગત ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિ ટપક/ મિનિ ફુવારા/ ફુવારા/ રેઇનગન્સ/ પોરસ પાઇપ વસાવનાર ખેડૂતને સરકાર શ્રી તરફથી પ્રાપ્ત થયેલ ગ્રાન્ટ માંથી સરકારશ્રીના ધારાધોરણ મુજબ ગુજરાત સરકાર તથા ભારત સરકાર વતી સહાય આપવાની મુખ્ય પ્રવૃતિ છે. આ યોજના અંતર્ગત તા. ૦૧.૦૪.૨૦૧૭ થી અમલી સહાયના ધોરણો નીચે મુજબ છે.

## સુક્ષ્મ સિંચાઇ યોજના અંતર્ગત તા. ૧.૦૪.૨૦૧૭ થી અમલી સબસિડીના ધોરણો:-

| ક્રમ | ખેડૂત વર્ગ | નોન ડાર્ક ઝોન વિસ્તાર | ડાર્કઝોન વિસ્તારના ૫૭ તાલુકા માટે |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વર્ગ: (બે અને બે હેકટરથી વધારે જમીન ધરાવતા) | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦ % સુધી અથવા રૂ.૭૦,૦૦૦/- પ્રતિ હેક્ટર ની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | |
| ૨ | સમાન્ય વર્ગ: નાના અને સિમાંત ખેડૂતો (૨ હેકટરથી ઓછી જમીન ધરાવતા) | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦ % સુધી અથવા રૂ. ૮૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદા માં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૮૦ % સુધી અથવા રૂ. ૮૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદા માં, બે માંથી જે ઓછું હોય તે |
| 3 | અનુસૂચિત જાતિ/જન જાતિ (આદિજાતિ વિસ્તારના ખેડૂતો) | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૮૫ % સુધી અથવા રૂ. ૧,૦૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૯૦% સુધી અથવા રૂ. ૧,૦૦,૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે |

# ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ, દ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ:-

(૧) કેન્દ્ર સરકારશ્રી તેમજ રાજ્ય સરકારશ્રી વતીથી સમગ્ર રાજયમાં સૂક્ષ્મ સિંચાઈ (ટપક અને ફુવારા) પધ્ધતિની અમલવારી કરવી અને સરકારશ્રી વતીથી આ યોજના અંતર્ગત લાભાર્થી ખેડૂતને સબસિડી પૂરી પાડવી.

(૨) સુક્ષ્મ (ટપક/મિનિફુવારા) સિંચાઇ પધ્ધતિનું ઓછામાં ઓછા એક વર્ષનું વીમા કંપની મારફત વીમા કવરેજ પુરૂં પાડવું.

(૩) લાભાર્થી ખેડૂત બે પાક લે ત્યાં સુધી કૃષિ વિષયક સેવાઓ પૂરી પાડવી.

(૪) જીજીઆરસી માન્ય એમઆઇએસ સપ્લાયર દ્વારા સુક્ષ્મ પિયત પધ્ધતિની બાહેંધરી સમય સુધી મરામત અને જાળવણી કરાવવી.

(૫) બેન્ક લોન મારફત સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિ વસાવનાર ખેડૂતોને જરૂરી મદદ પૂરી પાડવી.

(૬) ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ અને ખુલ્લા બજારમાં કાચા માલનાં ભાવોને ધ્યાને લઈ સમયાંતરે સાધનોની કિંમતોનું મૂલ્યાંકન કરી પ્રક્રિયા સરળ બનાવવામાં જીજીઆરસી સતત અગ્રેસર રહે છે અને ખેડૂતોને યોજનામાં સરળતા રહે તે માટે જીજીઆરસી દ્વારા સતત પ્રયાસો કરવામાં આવે છે.

સુક્ષ્મ સિંચાઇ યોજનાની પારદર્શિતા તથા લચીલાપણું એ છે કે ખેડૂત પોતે પોતાની જરૂરિયાત પ્રમાણે પાકને અનુરૂપ યોગ્ય સુક્ષ્મ પિયત પધ્ધતિ પસંદ કરી શકે છે અને એક વખત ડીઝાઇન કરાવીને જુદા જુદા પાક લઈ શકે છે. વધારામાં ખેડૂતને એમઆઇએસ સપ્લાયર તથા વિસ્તાર પસંદ કરવા માટે પણ છૂટછાટ આપવામાં આવે છે: આ યોજનામાં રાજ્ય સરકારશ્રી તરફથી વિસ્તારની કોઈ મર્યાદા નથી.

સુક્ષ્મ સિંચાઇ યોજના અંતર્ગત ફિલ્ડ લેવલની સુક્ષ્મ પિયત પધ્ધતિની કામગીરી માટે હાલમાં જીજીઆરસી સાથે નીચે મુજબ ૫૫ એમઆઇએસ સપ્લાયર્સ કંપનીઓ નોંધણી કરારથી જોડાયેલ છે.

| નં. | સપ્લાયરનું નામ | નં. | સપ્લાયરનું નામ |
|---|---|---|---|
| ૧ | અમી ઇરીગેશન સીસ્ટમ, | ૨૯ | મહિન્દ્રા ઇપીસી ઇન્ડસ્ટ્રિઝ લી. |
| ૨ | અમીધારા ડ્રીપ ઇરીગેશન | ૩૦ | માર્સલ પોલીમર્સ |
| ૩ | બાલ્સન પોલીપ્લાસ્ટ પ્રા. લી. | ૩૧ | મેઘદૂત પોલીપાઈપ્સ |
| ૪ | ભૂમિ પોલીમર્સ પ્રા. લી. | ૩૨ | નાગાર્જુનાં ફર્ટિલાઇઝર એન્સ કેમિકલ્સ લી. |
| ૫ | ભુવા પોલીપ્લાસ્ટ પ્રા. લી. | ૩૩ | નમન પોલીપ્લાસ્ટ |
| ૬ | બ્રેના ઇરીગેશન પ્રા. લી. | ૩૪ | નર્મદા પાઇપ્સ |
| ૭ | કેપ્ટન પોલીપ્લાસ્ટ પ્રા. લી. | ૩૫ | નેટાફીમ ઇરિગેશન ઈન્ડિયા પ્રા. લી. |
| ૮ | ધારા ઇરીગેશન | ૩૬ | ઓમ ઇરીટેક લિમિટેડ |
| ૯ | દિનેશ ઇરીગેશન પ્રા. લી. | ૩૭ | પેરગોન ઇરીગેશન પ્રા. લી. |
| ૧૦ | ડોલ્ફિન પોલીપ્લાસ્ટ પ્રા. લી. | ૩૮ | પરિક્ષિત ઇરીગેશન લી. |
| ૧૧ | દોંગા વોટરટેક પ્રા. લી. | ૩૯ | પરફેક્ટ પોલીમર્સ |
| ૧૨ | ડ્રીપકો ઇરીગેશન | ૪૦ | પોલિસીલ ઇરીગેશન સિસ્ટમ પ્રા. લી. |
| ૧૩ | ડ્રીપ ઈન્ડિયા ઇરીગેશન પ્રા. લી. | ૪૧ | પ્રીમીયર ઇરીગેશન એડ્રીટેક પ્રા. લી. |
| ૧૪ | અર્થ ઇરીગેશન | ૪૨ | રણજા ઇન્ડસ્ટ્રીસ |
| ૧૫ | ફીનોલેક્ષ પ્લાસોન ઈન્ડિયા પ્રા. લી. | ૪૩ | રીનાઉન ઇન્ડસ્ટ્રીસ |
| ૧૬ | ગોલ્ડન પ્લાસ્ટિક્સ | ૪૪ | રિવુલીસ ઇરીગેશન (ઈન્ડિયા) પ્રા. લી. |
| ૧૭ | હરાવેલ એગુયા ઈન્ડિયા પ્રા. લી. | ૪૫ | આરએમ ડ્રીપ એન્ડ સ્પ્રીંકલર સિસ્ટમ લી. |
| ૧૮ | આઇડોલ પોલિટેક પ્રા. લી. | ૪૬ | રોયલ ઇરીટેક (ફેકટરી) |
| ૧૯ | ઇરીલીંક ડ્રીપ ઇરીગેશન ઇન્ડસ્ટ્રિસ | ૪૭ | શક્તિ ઇરીગેશન ઈન્ડિયા લી. |
| ૨૦ | જૈન ઇરીગેશન સિસ્ટમ્સ લી. | ૪૮ | શ્રીધર ઇરીગેશન પ્રા. લી. |
| ૨૧ | જેટ ફાઈબર ઈન્ડિયા પ્રા. લી. | ૪૯ | શ્રી સાઇરામ પ્લાસ્ટિક એન્ડ ઇરીગેશન |
| ૨૨ | ખેડૂત ઇરીગેશન (ઈન્ડિયા) પ્રા. લી. | ૫૦ | શ્રી ટીએનબી પોલીમર્સ પ્રા. લી. |
| ૨૩ | કિસાન ડ્રીપ ઇરીગેશન પ્રા. લી. | ૫૧ | સ્કીપર મેટઝર ઈન્ડિયા એલએલપી |
| ૨૪ | કિસાન મોલ્ડીંગ લિમિટેડ | ૫૨ | સોના પોલીપ્લાસ્ટ પ્રા. લી. |
| ૨૫ | કોઠારી એગ્રીટેક પ્રા. લી. | ૫૩ | ટ્રૂ વેલ્યૂ ઇરીગેશન સિસ્ટમ |
| ૨૬ | માધવ પોલીમર્સ | ૫૪ | વાયબ્રન્ટ ઇરીગેશન પ્રા. લી. |
| ૨૭ | માધવન પોલીપ્લાસ્ટ પ્રા. લી. | ૫૫ | વોટરસેવ ઇરીગેશન |
| ૨૮ | મેગ્નમ એગ્રી ઇક્વિપમેન્ટ પ્રા. લી. | | |

ખેડૂતે પસંદ કરેલ જીજીઆરસી માન્ય એમઆઇએસ સપ્લાયર ખેડૂતની જરૂરિયાત પ્રમાણે પાકને અનુરૂપ યોગ્ય સુક્ષ્મ પિયત પધ્ધતિની ડિઝાઇન (નકશા) અને ખર્ચના અંદાજો તૈયાર કરી ખેડૂતને પધ્ધતિ વસાવવામાં મદદરૂપ થાય છે. તાંત્રિક તેમજ માળખાકીય કામગીરી માટે જીએસએફસી અને જીએનએફસીના ડેપો, એરિયા ઓફિસ તથા જિલ્લા કક્ષાએ જીજીઆરસીના ક્ષેત્રિય પ્રતિનિધિઓને સાંકળવામાં આવેલ છે.

જિલ્લા લેવલે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ, વડોદરા દરેક જિલ્લામાં કલેક્ટર કચેરી, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત તથા અન્ય સરકારી કચેરીઓમાં યોજનાકીય કામગીરીની અમલવારીમાં મદદરૂપ થવા માટે તેમજ પ્રમોશનલ એક્ટિવિટી માટે જીજીઆરસીના ક્ષેત્રિય પ્રતિનિધિઓની નિમણૂંક કરવામાં આવેલ છે.

વધુમાં સુક્ષ્મ પિયત પધ્ધતિના લાભાર્થી ખેડૂતોને તકનીકી શિક્ષણ અને કૃષિ વિષયક શિક્ષણ મળી રહે તે માટે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર એન્ડ કેમિકલ્સ લિમિટેડ, વડોદરાની પેટા કંપની જીએસએફસી એગ્રોટેક લિમિટેડ (જીએટીએલ), ફર્ટિલાઇઝરનગર વડોદરાને નિયુક્ત કરવામાં આવેલ છે. જે ખેડૂતોને તકનીકી શિક્ષણ અને કૃષિવિષયક શિક્ષણની લાભાર્થી ખેડૂતોને તાલીમ આપવાની કામગીરી કરે છે.

સુક્ષ્મ સિંચાઇ યોજના અંતર્ગત એમઆઇએસ સપ્લાયર્સ દ્વારા લાભાર્થી ખેડૂતોના ખેતર પર સુક્ષ્મ પિયત પધ્ધતિની ગોઠવણીની કામગીરી પૂર્ણ થયેથી જીજીઆરસી દ્વારા નિયુક્ત થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન એજન્સીઓ દ્વારા સૂક્ષ્મ પિયત પધ્ધતિના સાધનોની ભૌતિક ચકાસણી અને પધ્ધતિનો ટ્રાયલરન કરાવવામાં આવે છે. ટ્રાયલરનની કામગીરી પૂર્ણ થયેથી સપ્લાયર દ્વારા લાભાર્થી ખેડૂતને સીસ્ટમ સુપ્રત કરી લાભાર્થી ખેડૂત પાસેથી સિસ્ટમ સ્વીકૃત કર્યાનું સ્વીકૃતિ પત્ર લેવામાં આવે છે.

**હાલમાં જીજીઆરસી સાથે નીચે મુજબ ૪ થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન એજન્સીઓ નોંધણી કરારથી જોડાયેલ છે.**

| નં. | થર્ડ પાર્ટી ઇન્સપેક્ટીંગ એજન્સીનું નામ |
|---|---|
| ૧ | હર્ટ્ઝ ઇન્સ્પેક્શન એન્ડ સર્વિસીસ પ્રા. લી. નડિયાદ – ૩૮૭ ००૨ |
| ૨ | ડૉ. અમિન કંટ્રોલર્સ પ્રા. લી. મુંબઈ – ૪०० ०૫૨ |
| 3 | આઇઆર ક્લાસ સિસ્ટમ્સ એન્ડ સોલ્યુશન પ્રા. લી. વડોદરા – ૩૯० ००૭ |
| ૪ | અમીધારા ગૃપ, સુરત (AGS) પિનકોડ – ૩૯૫ ००૬ |

## અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો:-

જીજીઆરસીના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોની વિગતો નીચે મુજબ છે.

| નં. | અધિકારીશ્રીનું નામ | અધિકારીનો હોદ્દો | ફરજો |
|---|---|---|---|
| ૧ | શ્રી જયપ્રકાશ શિવહરે, IAS | વહીવટી સંચાલકશ્રી | કંપનીના વડા તરીકેની તમામ ફરજો |
| ૨ | ડૉ. એ. વી. વડવળે | સિનિયર મેનેજર (Tech, & MIS) અને અપીલ સત્તાધિકારી | યોજનાની અમલવારી અને જીજીઆરસીના વિવિધ વિભાગોના વડા તરીકેની જવાબદારી, Appellate Authority -RTI |
| 3 | શ્રી ડી. આર. જોશી | એડિશનલ મેનેજર (એએસ) અને જાહેર માહિતી અધિકારી | કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીના વિવિધ વિભાગો સાથે સંકલન, સામાન્ય વહીવટ, ખરીદી, LAQ, PAQ, PIO-RTI |
| ૪ | શ્રી એમ. એમ. શાહ | ડેપ્યુટી ચીફ ફાઇનન્સ ઓફિસર | ફાઇનાન્સ અને એકાઉન્ટ ડિપાર્ટમેન્ટ ના વડા તરીકેની તમામ જવાબદારી |
| ૫ | શ્રી એચ. આર. શુક્લા | મેનેજર (એચઆર) | એચઆર ડિપાર્ટમેન્ટ ને લગતી તમામ જવાબદારી |
| ૬ | શ્રી અમિત મહેતા | ડેપ્યુટી કંપની સેક્રેટરી | કંપની સેક્રેટરી તેમજ લીગલ ડિપાર્ટમેન્ટની તમામ જવાબદારી |
| ૭ | શ્રી એસ. બી. પટેલ | અધિકારી (સિસ્ટમ) | કંપની સર્વર, સૉફ્ટવેર અને સીસ્ટમ ડિપાર્ટમેન્ટ ને લગતી તમામ કામગીરી કરવાની હોય છે. |
| ૮ | શ્રી આર.વી.લિંબાસિયા | અધિકારી (ટેક) | ટેકનિકલ બાબતો, ટેકનિકલ સેંકશન, ફાઇનલ પેમેન્ટ વેરીફિકેશન, પ્રોજેકટ સેલ બાબત |
| ૯ | શ્રી એચ. જી. પટેલ | અધિકારી (એસ & આઇ) ડોક્યુમેન્ટ વેરીફીકેશન ડિપાર્ટમેન્ટ | ડોક્યુમેન્ટ વેરીફીકેશન, રજીસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, સ્ટોર & ઇનવર્ડ |
| ૧૦ | શ્રી એમ. બી. પીઠીયા | અધિકારી (ફિલ્ડ, ટ્રાયલરન, એગ્રોનોમી) | ફિલ્ડ કો-ઓર્ડિનેશન, ટ્રાયલરન, એગ્રોનોમી સર્વિસ, WWF પ્રોજેકટ |
| ૧૧ | શ્રી એસ. એ. જાની | અધિકારી (પ્રોજેકટ સેલ) | પ્રોજેકટ સેલ બાબતની તમામ કામગીરી |

જાહેર માહિતી અધિકારીઓનાં નામ, હોદ્દો અને અન્ય વિગતો:-

જાહેર તંત્રનું નામ:- ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ,

પો. ઓ. ફર્ટિલાઇઝરનગર-૩૯૧૭૫૦ જી. વડોદરા

## મદદનીશ જાહેર માહિતી અધિકારી:-

| નં. | નામ | હોદ્દો | ફોન નંબર | | ફેક્સ | ઇ-મેઈલ | સરનામું |
|---|---|---|---|---|---|---|---|
| | | | કચેરી | ઘર | | | |
| | - | - | - | - | - | - | - |
| - | - | | | | | | |

## જાહેર માહિતી અધિકારી:-

| નં. | નામ | હોદ્દો | ફોન નંબર | | ફેક્સ | ઇ-મેઈલ | સરનામું |
|---|---|---|---|---|---|---|---|
| | | | કચેરી | ઘર | | | |
| ૧ | ડી. આર. જોષી | એડી. મેનેજર (એએસ) | ૦૨૬૫ ૨૬૦ ૭૪૮૯ | - | - | drjoshi@ggrc.co.in | ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ, પો. ઓ. ફર્ટિલાઇઝરનગર જી. વડોદરા પિનકોડ-૩૯૧૭૫૦ |

## અપીલ સત્તાધિકારી (એપેલેટ ઓથોરીટી):-

| નં. | નામ | હોદ્દો | ફોન નંબર | | ફેક્સ | ઇ-મેઈલ | સરનામું |
|---|---|---|---|---|---|---|---|
| | | | કચેરી | ઘર | | | |
| ૧ | ડૉ. આશુતોષ વી. વડાવળે | સીની. મેનેજર (ટેક & એમ આઇ એસ) | ૦૨૬૫ ૨૬૦ ૭૫૦૫ | - | - | avvadawale@ggrc.co.in | ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ, પો. ઓ. ફર્ટિલાઇઝરનગર જી. વડોદરા પિનકોડ-૩૯૧૭૫૦ |

વર્ષ ૨૦૦૬-૦૭ થી વર્ષ ૨૦૨૩-૨૪ (તા. ૦૧.૦૪.૨૦૦૬ થી તા. ૩૧.૦૩.૨૦૨૪ સુધીમાં) માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અન્વયે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ, વડોદરા ના જાહેર માહિતી અધિકારી માહિતી મેળવવા માટેની મળેલ અરજીઓ તથા અપીલ સત્તાધિકારી ને મળેલ અપીલો અને તેના પર થયેલ કાર્યવાહીની વિગતો દર્શાવતુ વર્ષવાર પત્રક

| વર્ષ | જાહેર માહિતી અધિકારી ને | | | અપીલ સત્તાધિકારી ને | | |
|---|---|---|---|---|---|---|
| | મળેલ અરજી | નિકાલ | પડતર | મળેલ અપીલ | નિકાલ | પડતર |
| ૨૦૦૬-૦૭ | ૧ | ૧ | ૦ | - | - | - |
| ૨૦૦૭-૦૮ | ૫ | ૫ | ૦ | - | - | - |
| ૨૦૦૮-૦૯ | ૧૧ | ૧૧ | ૦ | - | - | - |
| ૨૦૦૯-૧૦ | ૧૭ | ૧૭ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૧ | ૧૧ | ૦ | - | - | - |
| ૨૦૧૧-૧૨ | ૧૨ | ૧૨ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૨૦૧૨-૧૩ | ૧૪ | ૧૪ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૨૦૧૩-૧૪ | ૨૮ | ૨૮ | ૦ | ૧૦ | ૧૦ | ૦ |
| ૨૦૧૪-૧૫ | ૧૭ | ૧૭ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૨૦૧૫-૧૬ | ૨૦ | ૨૦ | ૦ | ૬ | ૬ | ૦ |
| ૨૦૧૬-૧૭ | ૩૨ | ૩૨ | ૦ | ૬ | ૬ | ૦ |
| ૨૦૧૭-૧૮ | ૨૨ | ૨૨ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૨૦૧૮-૧૯ | ૧૬ | ૧૬ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૨૦૧૯-૨૦ | ૧૦ | ૧૦ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૨૦૨૦-૨૧ | ૮ | ૮ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૨૦૨૧-૨૨ | ૮ | ૮ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૨૦૨૨-૨૩ | ૧૦ | ૧૦ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૨૦૨૩-૨૪ | ૫ | ૫ | ૦ | ૨ | ૨ | ૦ |
| કુલ | ૨૪૭ | ૨૪૭ | ૦ | ૩૮ | ૩૮ | ૦ |